# રાંદેસણ પાસે ત્રીજા માળેથી નીચે પટકાતા મજુરનું મૃત્યુ

## હત્યા કરાઈ હોવાનો પરીવારજનોનો આક્ષેપ : પાંચ મિત્રો ગઈ કાલે સાંજે જ રાજસ્થાનથી મજુરી કરવા આવ્યા હતા : સ્વર્ણીમ સંસ્કૃત કેન્દ્રના હોલનું કામ ચાલી રહ્યુ હતું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-કોબા માર્ગ પર સ્થિત રાંદેસણ ગામની સીમમાં સ્વર્ણીમ સંસ્કૃત કેન્દ્રનાં હોલનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યાં ત્રીજા માળેથી નીચે પટકાયેલી હાલતમાં આજે સવારે એક મજુરનો મૃતદેહ મળી આવ્યો હતો. ગઈ કાલે જ રાજસ્થાનથી પાંચ મિત્રો સાથે મજુરી કરવા આવેલા આ યુવાનની હત્યા થઈ હોવાનો પોલીસ સમક્ષ પરિવારજનોનો આક્ષેપ છે. કલાકો સુધી સે-૭ અને અડાલજ પોલીસ વચ્ચે હદ વિસ્તાર બાબતે માથાકુટ ચાલ્યા બાદ અંતે અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઊંડી તપાસ આરંભી છે.

મળતી વિગતો મુજબ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના એક ગામમાંથી ૨૨ વર્ષનો સુનીલ વિરેન્દ્રભાઈ આહરી તેના અન્ય ચાર મિત્રો સાથે ગઈ કાલે સાંજે જ મજુરી કરવા માટે ગાંધીનગર આવ્યો હતો. ગાંધીનગર-કોબા રોડ પર સ્થિત રાંદેસણ ગામની સીમના સ્વર્ણીમ સંસ્કૃત કેન્દ્રના હોલનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યાં આજથી કામ ચાલુ કરવાનું હતું. સાંજે પાંચેય જણા ત્યાં પહોંચીને જમી પરવારીને સુઈ ગયા હતા. વહેલી સવારે આ બિલ્ડીંગ નીચેથી સુનીલનો ત્રીજે માળેથી પટકાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને આ સંદર્ભે જાણ થતા ઘટના શું છે અને કેવી રીતે બની છે? તે જાણવાની તસ્દી લીધા વિના જગ્યાની હદ કઈ પોલીસ મથકમાં આવે છે તે બાબતે સે-૭ અને અડાલજ પોલીસ વચ્ચે તુતું-મૈંમૈં ચાલી હતી અને અડાલજ પોલીસે ઘટના સ્થળે જઈને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. મૃતકના પરિવારજનોનો આક્ષેપ છે કે તેની હત્યા કરવામાં આવી છે. અડાલજ પોલીસે તે દિશામાં પણ તપાસ ચલાવી છે.



સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતે ગણેશોત્સવ નિમિત્તે ગીત - સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

# સે-૮ની ગર્લ્સ હોસ્ટેલમાં યુવતીનો દુપટ્ટાથી ગળે ફાંસો

## દહેગામથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા ગાંધીનગર રહેવા આવી હતી : યુવતીએ બપોરે દરવાજો ન ખોલતા દરવાજો તોડીને જોયું તો પંખે લટકેલી હાલતમાં મળી...!

ગાંધીનગર, તા.૧૦

દહેગામના બાબરા ગામની ૨૪ વર્ષીય યુવતી ગાંધીનગર સે-૮ ખાતે ખાનગી ગર્લ્સ હોસ્ટેલમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહી હતી. આજે જયારે હોસ્ટેલના વોર્ડને તેણીના રુમનો દરવાજો ખટખટાવવા છતાં ન ખોલતા દરવાજો તોડીને અંદર જોયું તો યુવતી પંખે લટકેલી હાલતમાં હતી. પંખે દુપટ્ટો બાંધીને યુવતીએ ગળે ફાંસો ખાઈ લીધો હતો સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરુ કરી છે.

દહેગામના બાબરા ગામમાં રહેતા મણીલાલ ચૌધરી દહેગામ તાલુકાના એક ગામની શાળામાં પ્રિન્સીપાલ તરીકે સેવા આપે છે. તેમની પત્નિ શાળામાં કલાર્ક તરીકે નોકરી કરે છે. ૨૪ વર્ષની દિકરી હેતલ મણીલાલ ચૌધરી દહેગામથી ગાંધીનગરના સે-૮ ખાતે સ્થિત ખાનગી ગર્લ્સ હોસ્ટેલમાં રહીને ડી.વાય.એસ.ઓ.ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી હતી. આજે બપોરના અરસામાં હેતલબેનના રૂમનો દરવાજો વોર્ડને ખટખટાવ્યો તો અંદરથી કોઈ પ્રકારનો રીપ્લાય આવ્યો ન હતો. થોડો સમય દરવાજો ખટખટાવવા છતાં અંદરથી કોઈએ ન ખોલતા દરવાજાને તોડીને અંદર જઈ તપાસ કરી તો હેતલબેન પંખે લટકેલી હાલતમાં હતાં. કોઈ અગમ્ય કારણોસર હેતલે પોતાના હોસ્ટેલના રૂમમાં પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સે-૭ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

**લીઓ કલબ ઑફ ગાંધીનગર દ્વારા ગણેશ સ્થાપન**

લીઓ કલબ ઑફ ગાંધીનગર દ્વારા ઈન્ફોસીટી સુપરમોલ-૨ હોટલ સાઉથ કેફે ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરેલ છે. કલબના પ્રમુખ રાજેશ ગૌડાએ જણાવેલ છે. તમામ સભ્યો હાજર રહ્યા હતા.

## સચિવાલય એમ્પલૉઈઝ ન્યૂ ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૦

ધી ગુજરાત સચિવાલય એમ્પલૉઈઝ કૉ.ઑ.ન્યુ ક્રેડીટ સોસાયટીની વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી. પ્રમુખ તરીકે દોલતસિંહ એફ. વાઘેલા, ઉપપ્રમુખ ચંદ્રેશ એ. પટેલ, માનદ મંત્રી અશ્વીનકુમાર વ્યાસ, સહમંત્રી પ્રજ્ઞેશ રાવલ, ચૅરમેન લોન સમિતિ રામદેવ સિંહ ઝાલા, ચૅરમેન ખરીદ સમિતિ રાજુલ એન. ભટ્ટ.

### ઉદ્યોગભવનનાં કલાર્કનાં આપઘાત પ્રકરણમાં

# અધિકારીઓની ધરપકડ નહીં થતા મહિલાઓ વિરોધ રેલી કાઢશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ઉદ્યોગભવન ખાતે જીઆઈડીસની ઓફીસમાં એક અઠવાડીયા અગાઉ કલાર્કે ઉપરી અધિકારીઓના ત્રાસથી કંટાળીને દવા પી લઈ ઓફીસમાં જ આપઘાત કરી લીધાની ચકચારી ઘટના બનવા પામી હતી. આ પ્રકરણમાં ત્રણ ઉપરી અધિકારીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે લીધી હતી. એક અઠવાડીયા બાદ પણ ત્રણ અધિકારીઓની ધરપકડ ન થતા વિરોધ સ્વરૂપે મહિલાઓ રેલી કાઢશે.

સે-૧૩માં રહેતા અને ઉદ્યોગભવનમાં કલાર્ક તરીકે નોકરી કરતાં નરેશભાઈ ગણપતભાઈ ચાવડાને એક અધિકારીએ થપ્પડ મારી દેતા આપઘાત કરી લીધાનો બનાવ બનવા પામ્યો હતો. ત્રણ ઉચ્ચ અધિકારીઓ સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ પોલીસે ગુનો દાખલ કર્યો છે. જેની તપાસ એસ.સી., એસ.ટી. સેલના ડીવાયએપી જોષીને સોંપવામાં આવી છે. એક અઠવાડીયું વિતી ગયું હોવા છતાંય માત્ર નિવેદનો લેવાઈ રહ્યા હોવાના પોલીસ દ્વારા મળતા જવાબથી કંટાળીને અંતે રેલી સ્વરુપે વિરોધ કરવાનો નિર્ણય મહિલાઓએ લીધો છે. ૧૨મી સપ્ટેમ્બરે મહિલાઓ દ્વારા ઘ-૨ થી ઘ-૩ સર્કલ સુધી વિરોધી રેલી નિકાળવામાં આવશે.

## સે-૭-બી ખાતે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ સેકટર-૭-બી ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં તારીખ ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૩ને બુધવારને સાંજે ૭ વાગ્યે ૧૦૧ દિવાની ગણપતિજીની આરતીનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ આજ તારીખે ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમજ ૧૨મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૩ થી સાંજના ૮ વાગ્યા સુધી ભજન સંધ્યા અને ખીચડીનું વિતરણ પણ કરવામાં આવનાર છે. તેમજ આગામી ૧૩મી સપ્ટેમ્બરના રોજ સત્યનારાયણ ભગવાનની કથા તેમજ સાંજના સમયે વિસર્જન કરવામાં આવશે તેમ સંસ્થાના ઉપ્રમુખ ડો. હાર્દિક તલાટી દ્વારા જણાવાયું છે.



સેક્ટર-૬/ડી ખાતે ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશોત્સવના પ્રથમ દિવસે લોકડાયરાનું આયોજન સૌરાષ્ટ્ર - કચ્છ સેવા સમાજનાં સહયોગથી રાજભા ગઢવી અને સુખદેવ ધામેલીયાનાં સંગે કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

## ૨૬ હજાર લોકોએ આયુર્વેદના ઉકાળાનું સેવન કર્યુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે આયુર્વેદ ઔષધિય ઉકાળા વિતરણના કાર્યક્રમને સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની યાદીમાં જણાવ્યાનુસાર ગાંધીનગર જિલ્લામાં ચિકનગુનિયા, મેલેરીયા, વાઈરલ ફીવર તેમજ ચોમાસાની ઋતુ જન્ય બિમારી અટકાવવા નિઃશુલ્ક આયુર્વેદ ઔષધિય ઉકાળા વિતરણ કેમ્પનું આયોજન કરેલ હતુ. જેમાં તા. ૫-૯-૧૩ થી ૯-૯-૧૩ સુધીમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં ૬ સ્થળે અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦ સ્થળે આયુર્વેદિક ઉકાળા કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ઉપરોક્ત સમયગાળામાં કુલ ૨૬,૫૧૪ પ્રજાજનોએ લાભ લીધો હતો.

## ગાંધીનગર વિભાગ વિદ્યુક કર્મચારીઓની ગ્રાહક સહકારી ધિરાણ મંડળીનું ચૂંટણી જોગ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર વિભાગના વિદ્યુત કર્મચારીઓની ગ્રાહક સહકારી ધિરાણ કરનારી મંડળીના હોદ્દેદારોની મુદ્દત પુરી થયેલ છે. જેની ઉમેદવારી સ્વીકારવાની તા. ૨૩-૯-૨૦૧૩ બપોરે ૩ કલાક સુધી રહેશે. ચૂંટણી તારીખ ૧૩-૧૦-૨૦૧૩ ના રોજ ગાંધીનગર ખાતે મંડળીની કચેરીએ યોજવામાં આવશે. વધુ માહિતી તથા ઉમેદવારી પત્રો નિયત મુદ્દત સુધી મંડળીની કચેરીએથી રજા સિવાયના દિવસોએ મળી રહેશે. ચૂંટણી અધિકારીશ્રી વી.એચ.શર્માએ જણાવેલ છે.




પથિકાશ્રમ ખાતે ગણેશોત્સવની પ્રથમ રાત્રીએ વિમલ મહેતા દ્વારા ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગણેશોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ તરફથી શ્રી ગણેશોત્સવનો કાર્યક્રમ બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે તા. ૧૧મી સપ્ટેમ્બરે રાખવામાં આવેલ છે. જેમાં ગણેશ વંદના તથા ભગવાન શિવના ભજનો ગાવાના રહેશે. દિવાળીની વાનગીઓ અને વિવિધ પ્રસાદ ઘરેથી બનાવી લાવવાનો રહેશે. રીત લખીને લાવવી ફરજીયાત છે. ભાગલેનાર દરેક બહેનને પુરસ્કાર આપવામાં આવશે.

પ્રતિભાબેન દવે પ્લોટ નં. ૧૮૧/૨, સેકટર-૬/બી, ૨૩૨ ૪૯૬૩૯, આશાબેન ભટ્ટ ૯, તેજસ, સોસાયટી, સેકટર-૨૩, ૨૩૨૨૫૬૫૬, જ્ઞાનદેવી ઉપાધ્યાય પ્લોટ નં. ૪૯૭/૨, સેકટર -૫/એ, ૨૩૨૪૧૪૫૨, નીશાબેન જોશી ૯૯૧૩૮ ૪૦૧૭૬ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

## સેક્ટર-૨૨ નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૦

સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ, સેક્ટર-૨૨ની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં હોદ્દેદારોની સર્વસંમતીથી વરણી કરવામાં આવી છે.

સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ, સેક્ટર-૨૨ની સમિતિની એક બેઠક શોપીંગ સેન્ટર ખાતે આગામી નવરાત્રી મહોત્સવ ઉજવવા માટે યોજાઈ હતી. આ બેઠકમાં વેપારી ભાઈઓ અને વસાહતી ભાઈઓ હાજર રહ્યા હતા. જેમાં હોદ્દેદારોની સર્વ સંમતિથી વરણી કરવામાં આવી છે.

સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ, સેક્ટર-૨૨ના પ્રમુખ તરીકે કાલીદાસ વી. પટેલ, ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ ડી. ચૌધરી, દિલીપસિંહ એન. વાઘેલા, દશરથભાઈ એમ. પટેલ, સહમંત્રી તરીકે રાકેશ આઈ. પટેલ, પ્રભાત એ. દેસાઈ, રાજેશ પટેલ, હિમાંશુ પટેલ, અશોકભાઈ પટેલ, ખજાનચી તરીકે મોનિલ પટેલ, મુકેશભાઈ ટી. જોષી, પ્રકાશભાઈ આર. પટેલ, દિપક પટેલ, અશ્વિનભાઈ કે. વ્યાસ (કુકર), કેતનભાઈ પી. પટેલ, જનક પટેલ, નરેન્દ્રભાઈ રાવલ, રણવીરસિંહ રાઠોડ, વિપુલ નાયક, ભરતભાઈ એમ. પટેલ, જગદીશભાઈ નાયીની સર્વ સંમતિથી નિમણૂંક કરવામાં આવી છે.

## સેકટર-૩/એ/ન્યુ ખાતે નવરાત્રિ કારોબારી સમિતિની રચના થઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સેકટર-૩-ન્યુ ખાતે નવરાત્રી સમિતિની રચના સેકટરના બગીચા ખાતે કરવામાં આવી હતી. ગત વર્ષની નવરાત્રીની સફળતા માટે મળેલ કારોબારી દ્વારા હોદ્દેદારોને શુભકામના આપવામાં આવી હતી. પહેલા નવરાત્રી ૩ ન્યુ ખાતે ચાર વિવિધ જગ્યાઓ ઉપર ઉજવવામાં આવતી હતી પરંતુ વસાહત મંડળ દ્વારા સમગ્ર સેકટરની માત્ર એક જ નવરાત્રી સમિતિ બનાવી એક જ જગ્યા ઉપર રાખવા માટે વિચારણા કરવામાં આવી હતી અને સર્વે વસાહતીઓએ એક જ સુરમાં આ વાતને વધાવી લીધી હતી. તેના અનુસંધાને નવરાત્રિ કારોબારી સમિતિ ૨૦૧૪ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

સેકટર-૩-એ ન્યુ દ્વારા નવરાત્રી સમિતિના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે સંજય આર. પટેલ, ઉપપ્રમુખ તરીકે સી.એન. ડામોર, રાજુભાઈ પટેલ, ચંદ્રેશભાઈ પુરોહિત, મહામંત્રી તરીકે બીપીનભાઈ પરમાર, ખજાનચી તરીકે કાન્તિલાલ એસ. પટેલ, સહ ખજાનચી તરીકે ભાસ્કર બાલ પાંડે, સંગઠન મંત્રી વિરચંદભાઈ પરમાર, સહમંત્રી તરીકે હેમંત ત્રિવેદી, અનિલભાઈ રાવલ, પંકજ સોની, કમલેશભાઈ શ્રીમાળી તેમજ કારોબારીમાં દેવાંગ પંડિત, ભરતભાઈ પટેલ, દશરથભાઈ વ્યાસ, લાલભાઈ એસ. પટેલ (એલ.એસ. પટેલ), રાજુભાઈ દેસાઈ, વી.કે. પટેલ, આર.પી. પટેલ, ઉદસિંહ ભાભોર, અશ્વિનભાઈ શાહ, હરજીવનભાઈ ઠાકોર, અમિત ઠાકોર, નવઘણીભાઈ ભરવાડ, ભરતભાઈ ગઢવી, ભાવિનભાઈ પટેલ, નિશાંત વ્યાસ, સમીર મેકવાન, શાંતિભાઈ ક્રિશ્ચિયનની વરણી કરવામાં આવી હતી.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૫

### તાપમાન

મહત્તમ : ૩૪.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૫૭ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૯.૦૦, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૩ :
જંજીર : ૯.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫,
સત્યાગ્રહ : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
જંજીર : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
સત્યાગ્રહ ૧.૧૫, ૪.૧૫

**સૂર્યા, વાવોલ**

જંજીર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
જંજીર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૮.૩૦, ૧૦.૪૫
રિદ્દીસ્ક : ૩.૪૫
શુદ્ધ દેશી રોમાન્સ : ૬.૦૦
: સ્ક્રીન-૨ :
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૧૫, ૮.૧૫, ૧૦.૩૦
રિદ્દીસ્ક : ૧૨.૩૦
જંજીર : ૩.૦૦, ૫.૪૫
: સ્ક્રીન-૩ :
રિદ્દીસ્ક : ૯.૩૦, ૧૧.૦૦
શુદ્ધ દેશી રોમાન્સ : ૧૨.૦૦, ૨.૩૦
સત્યાગ્રહ : ૫.૦૦, ૮.૦૦

**ચિરાગ, કલોલ**

જંજીર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ધાર્મિક**

- શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર અને એસ.આર.પી. ગૃપ દ્વારા રંગમંચ સેકટર-૨૨ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાત સરકારના માહિતી વિભાગના સૌજન્યથી કલ્હાર ગૃપ દ્વારા રીટાબેન દવેનો લોકસંગીતનો સાંસ્કૃતિ કાર્યક્રમ.
- યુવક મંડળ સંચાલિત શ્રી ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ગણેશ ચોક, રીંગ રોડ, સેકટર-૨/સી ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ડૉ. કલ્યાણસિંહ ચંપાવત હાઈસી ગેમ તથા ફન ગેમ કૃષ્ણવદન ઠક્કર ગૃપ દ્વારા ભગવાન ગણેશ ઉપર પ્રવચન .

### આપની આજ

**મેષ** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

**વૃષભ** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત ઉભા થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા. કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું . ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રાનો યોગ.

**ધન** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે. શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે.

**કુંભ** : સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.તમારી વ્યવહાર કુશળતાથી વેપાર-વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મીન** : નવા સંબંધ બની શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય.કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. કંકુબેન ફકીરભાઈ પટેલ (ઉ.વ. ૯૮) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રેણુકાબેન કિરીટભાઈ પટેલ(ઉ.વ. ૪૦) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કેશાજી મગનજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. ધોળાકુવા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પૂજાજી ખોડાજી ઠાકોર (ઉ.વ. ૬૬)મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ જેસંગભાઈ પરમાર(ઉ.વ. ૫૦) ગોકુળપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. વિઠ્ઠલભાઈ અમથારામ સુથાર(ઉ.વ. ૭૫)મહાલક્ષ્મી-૨, એચ-૧૦૩, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.